NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડો. એચ. એમ. વિરડીયા
કુલસચિવ

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી - ૩૯૬ ૪૫૦, ગુજરાત

ફોન: ૦૨૬૩૭ ૨૮૨૮૩
ઈમેલ: registrar@nau.in

જાનં નકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/૧૭૪૦-૪૫/૨૦૨૫ તા. ૪/૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા</u>: અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જાનં નકૃયુ/રજી/પરીક્ષા/પીજીટી/૬૫૫/૨૦૨૩
તા. ૨૧/૦૧/૨૦૨૩

<u>અગત્યનું ખુબજ જરૂરી</u>

## –:પરિપત્ર:–

આથી અનુસ્નાતક કક્ષાના તમામ મુખ્ય માર્ગદર્શક તેમજ આચાર્યશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની મહાવિદ્યાલયોમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ મેળવેલ ઘણા વિદ્યાર્થીઓ ડિગ્રી પૂર્ણ કર્યા વિના પીજી અભ્યાસ અધુરો રાખી ગેરહાજર રહે છે અથવા અધ-વચ્ચેથી અભ્યાસ છોડી ગયેલ હોય. તેવા વિધ્યાર્થીઓની મુખ્ય માર્ગદર્શક દ્વારા રજીસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયા જે તે કોલેજના આચાર્ય મારફત અત્રેની કુલસચિવશ્રીની પરીક્ષા શાખામાં જાણ કરવી અત્યંત જરૂરી છે.

અત્રેની કચેરી ખાતે વારંવાર વિધ્યાર્થીઓનું અન્ય સંસ્થા, સરકારી/અર્ધસરકારી કચેરી તથા વિદેશથી વેરિફિકેશન આવતું હોય છે, છેલ્લા ઘણા વર્ષોથી અધ-વચ્ચેથી અભ્યાસ છોડી ગયા છે તેવા વિધ્યાર્થીઓની મુખ્ય માર્ગદર્શક દ્વારા રજીસ્ટ્રેશન રદ કરવાની પ્રક્રિયા કરવામાં આવેલ નથી તેવા વિધ્યાર્થીઓ યુનિવર્સિટીના **eXmas** સોફ્ટવેરમાં એક્ટિવ જ રહે છે. જેના કારણે ખુબજ મુશ્કેલીઓ આવી રહી છે તેમજ આવા વિધ્યાર્થીઓના કારણે અત્રેની કચેરીમાં તથા **eXmas** સોફ્ટવેરમાં ઘણી તકલીફો ઊભી થાય છે.

અનુસ્નાતક અભ્યાસક્રમોના વિનિયમ ૨૬.૨ માં આ અંગે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન રદ કરવાની જોગવાઈ છે.

<u>અત્રેની યુનીવર્સિટીમાંથી અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અન્ય જગ્યાએ નોકરીમાં જોડાયેલ હોય અથવા અન્ય કારણસર ડિગ્રી પૂર્ણ કર્યા વિના પીજી અભ્યાસ અધુરો રાખી છોડી ગયા હોય તેવા વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીને અચૂક મોકલી આપવા મુખ્ય માર્ગદર્શક તેમજ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે. જેથી, વિધ્યાર્થીઓના કારકિર્દી બાબતે અડચણો ના આવે.</u>

આવા વિદ્યાર્થીઓ સંબધિત ભવિષ્યમાં કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે અને મુખ્ય માર્ગદર્શક કે આચાર્યશ્રી દ્વારા આવી બાબતની જાણ યુનિવર્સિટીને કરેલ ન હશે તો તે માટેની સંપૂર્ણ જવાબદારી તે વિદ્યાર્થીના મુખ્ય માર્ગદર્શકની રહેશે.

કુલસચિવ

<u>નકલ સવિનય રવાના :</u>

સંશોધન નિયામકશ્રી અને ડીન પીજી સ્ટડીઝ, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી